ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૦૪૦૨૫૨૬૦૧૨૬/૨૦૨૬ ના કામે બી.એન.એસ.એસ.કલમ ૪૮૦ અન્વયે રજુ જામીન અરજી તળે હુકમ.

૧. જામીન અરજી, ઉપલબ્ધ રેકર્ડ વંચાણે લીધું. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી વી.ડી.પારેખને તથા ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.ડી.ભોઇને સાંભળ્યા.

૨. અરજદાર/આરોપીઓ તરફે વિ.વ.શ્રીની રજુઆત છે કે, અરજદાર/આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી. અરજદાર/આરોપીને ખોટી રીતે આ ગુનામાં સંડોવવામાં આવેલ છે. ઈજા પામનારને સામાન્ય ઈજાઓ થયેલ છે, અને ફકત ત્રણ ટાંકા આવેલ છે અને તે હરીફરી શકે છે. અરજદાર/આરોપી નોંધાયેલ સરનામેના કાયમી રહેવાસી છે. નાશી ભાગી જાય તેવા નથી. વધુમાં જણાવે છે કે અરજદાર/આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં મહત્તમ દસ વર્ષ સુધીની છે. આવા પ્રકારના કેસોમાં જામીન મુકત કરવાની ના.કોર્ટને વિશાળ સત્તા છે. અરજદાર/આરોપી ના.કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તેમજ શરતોનું પાલન કરવા તૈયાર છે. તે સંજોગોમાં અરજદાર/આરોપીને યોગ્ય રકમના અને શરતના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

3. આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ બી.એન.એસ.કલમ ૧૧૮(૨),૧૧૮(૧), ૩૫૨,૩૫૧(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. જે પૈકી કલમ ૧૧૮(૨) ધ્યાને લેતાં મહત્તમ સજા આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની સજાને પાત્ર ગુન્હો છે. વધુમાં જણાવે છે કે અરજદાર/આરોપીએ જે પ્રકારનો ગુન્હો આચરેલ છે તે જોતાં તેઓએ ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ગળાના ભાગે કટરથી હુમલો

કરી એક ઈંચ ઉડો ઘા નીપજાવેલ છે જે ઈજા જોતાં તથા ગુન્હાની ગંભીરતા જોતાં આવા ગુન્હામાં કોઈ પણ ભોગે જામીન આપી શકાય તેમ ન હોય, જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજૂર કરવા માંગણી કરેલ છે.

૪. આ કામે ઉભયપક્ષકારોની રજુઆતો તથા સદર ગુનાની એફ.આઈ.આર. વંચાણે લેતાં આ કામના અરજદાર/આરોપીએ તેની સાથે નોકરી કરતી સહકર્મચારી એવા ફરિયાદી સાથે પ્રેમ સંબંધ રાખવા બાબતે કટર જેવા ઘાટક હથિયારથી હુમલો કરી ગળાના ભાગે એક ઈંચ ઉંડો ઘા નીપજાવે છે અને જે હથિયાર વડે ફરિયાદીને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડેલ છે તે હથિયાર પ્રાણઘાટક કહી શકાય તેમ છે. વધુમાં અરજદાર/આરોપી સામેના આક્ષેપીત બી.એન.એસ.કલમ ૧૧૮(૨) મુજબના ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં, મહત્તમ સજા આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની કેદ અને દંડની છે. આમ, ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી સામેના આક્ષેપીત ગુના સંબંધે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૦ મુજબનું ડીસ્ક્રેશન વાપરવુ ન્યાયના હિતમાં ઉચિત જણાતુ ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

// હુકમ //

અરજદાર/આરોપી વિવેકકુમાર મનીષભાઈ પટેલ, રહે.પરીએજ સ્કૂલની પાછળ, તા.માતર, જી.ખેડાવાળાની હાલની જામીન અરજી આથી નામંજૂર યાને રદ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા.૬ઠ્ઠી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો

તા.૦૬.૦૩.૨૦૨૬ (મહેશકુમાર ચીમનલાલ પટેલ)
સ્થળ: ખેડા. અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ખેડા.
[ GJ01199 ]